# બોર્ડ બેઠક નં.૨૪૫

## વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૨/૦૯/૨૦૨૦ ના રોજ બપોરના ૧૬:૦૦ કલાકે મળેલ ૨૪૫ મી બેઠકની કાર્યવાહી નોંધ

---

**બેઠકમાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.**

| | | |
|---|---|---|
| (૧) | અધ્યક્ષશ્રી<br>શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા.<br>વ<br>મ્યુનિસિપલ કમિશ્નરશ્રી<br>વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરા. | અધ્યક્ષશ્રી |
| (૨) | અધ્યક્ષશ્રી<br>સ્થાયી સમિતિ,<br>મ્યુનિસિપલ કોર્પોરેશન,વડોદરા | સભ્યશ્રી |
| (3) | મ્યુનિસિપલ કમિશ્નરશ્રી<br>વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન,<br>વડોદરા. | સભ્યશ્રી |
| (૪) | પ્રાદેશિક કમીશ્નરશ્રી<br>નગર પાલિકાની કચેરી,૪ થો માળ,વુડા,વડોદરા. | સભ્યશ્રી |
| (૫) | મુખ્ય નગર નિયોજકશ્રી ગુજરાત રાજ્ય,ગાંધીનગરના પ્રતિનિધિ<br>પ્રવર નગર નિયોજક,વડોદરા શાખા | સભ્યશ્રી |
| (૬) | સીટી એન્જીનીયરશ્રી<br>વડોદરા મ્યુનિ.કોર્પો., વડોદરા | સભ્યશ્રી |
| (૭) | જીલ્લા વિકાસ અધિકારીશ્રી,<br>વડોદરા જીલ્લા પચાયત, વડોદરા | આમંત્રીત સભ્યશ્રી |
| (૮) | મુખ્ય કારોબારી અધિકારીશ્રી<br>શહેરી વિકાસ સત્તામંડળ,વડોદરા. | સભ્ય સચિવશ્રી |

આજની બેઠકમાં કોરમ થવાથી કાર્યસુચિ સાથેના નિયમિત મુદ્દા નં.૧ થી ૧૩ ની નીચે પ્રમાણેની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

**મુદા નંબર :(૧) વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૦૯/૦૭/૨૦૨૦ ની ૨૪૪ મી બેઠકની કાર્યવાહીને બહાલી આપવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૦૯/૦૭/૨૦૨૦ ની ૨૪૪ મી બેઠકની કાર્યવાહી નોંધ અત્રેના પત્ર.નં.યુડીએ/મીટીંગ/૩૦૮/૨૦૨૦, તા.૨૯/૦૭/૨૦૨૦ થી સત્તામંડળના તમામ સભ્યશ્રીઓ ને પાઠવવામાં આવેલ છે. જે સત્તામંળની બહાલી માટે રજુ થતા ઠરાવો બાબતે કોઇ સભ્યશ્રી તરફથી વાંધાસૂચન મળેલ ન હોઇ, સર્વાનુમતે બહાલી આપવા નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

ઠરાવ ક્રમાંક (૨૭૦૮): વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૦૯/૦૭/૨૦૨૦ ની ૨૪૪ મી બેઠકની કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુદા નંબર:(૨)વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૦૫/૦૫/૨૦૨૦ ની ૨૪૩ મી બેઠકમાં લેવાયેલ નિર્ણયોના અમલીકરણ બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૦૫/૦૫/૨૦૨૦ ની ૨૪૩ મી બેઠકમાં લેવાયેલ નિર્ણયોના અમલીકરણ અર્થે કરેલ કાર્યવાહીની વિગતો વુડા બોર્ડ સમક્ષ રજુ કરતા થયેલ કામગીરીની સમીક્ષા કરવામાં આવી. તથા તે પરત્વે તમામ સભ્યોની સર્વસંમતિથી બહાલી આપવા નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**<u>ઠરાવ ક્રમાંક :(૨૭૦૯)</u> વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૦૫/૦૫/૨૦૨૦ ની ૨૪૩ મી બેઠકમાં લેવાયેલ નિર્ણયોના અમલીકરણ અર્થે કરેલ કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.**

**મુદ્દાનં.(3) મોજે વેમાલી ટી.પી સ્કીમના ૧ ના ફા.પ્લોટ નં ૩૨ ની ૧૫૯ ચો.મી વાળી જમીનની જાહેર કમ હરાજીથી વેચાણ રાખવા ભરેલ ઇ.એમ.ડી ની રકમ રૂ! ૬૨૭૪૯/ ટેન્ડરર શ્રી નરેનશર્મા નેપરત આપવા બાબત.**

વુડાની ટીપી સ્કીમોની વિવિધ હેતુ માટે સંપ્રાપ્ત થયેલ જમીનો ટેન્ડર કમ જાહેર હરાજીથી નિકાલ કરવાના કામે દૈનિક વર્તમાન પત્રો જાહેરાત આપવામા આવેલ જે અંગે મોજે વેમાલી ટી પી સ્કીમ નં ૧ ના ફા.પ્લોટ નં ૩૨ ની ૧૫૯ ચો.મી વાળી જમીન ટેન્ડરરશ્રી નરેન રઘુનંદન શર્મા એ પ્રતિ ચો. મી ના રૂા.૩૯૪૬૫/- લેખે ૧૫૯ ચો.મી.ના કુલ કબજા હક્ક ની રકમ રૂા.૬૨,૭૪,૯૩૫/- ની ઓફર કરી કબજા હુકમના ૧૦% લેખે રૂા.૬,૨૭,૫૦૦/-તા.૧૯/૦૫/૨૦૧૭ થી ચલન નં.૧૪૭૫ થી તથા ઇ.એમ.ડી.ની રકમ રૂા.૬૨,૭૪૯.૩૫ તા,૧૯/૦૫/૨૦૧૭ થી ચલન.નં.૧૪૭૩ થી મળી કુલ રકમ રૂા.૬,૯૦,૨૪૯.૩૫ જમા કરાવેલ છે.

ઉક્ત વિગતે કબજા હુકમની રકમ ના૧૦% લેખે જમા થયા બાદ ટેન્ડરરને પ્લોટ ફાળવણી હુકમ તા,૩૦/૦૫/૨૦૧૭ થી આપવામાં આવેલ ત્યારબાદ ટેન્ડરરશ્રી નરેન શર્મા ને ફાળવેલ પ્લોટમાં તેઓ દ્વારા અત્રેની બાંધકામ પરવાનગી મળવા અગે રજુઆત કરતાં માર્જીન મળવાપાત્ર નથી,તેમ તેઓને જણાવેલ ત્યારબાદ અત્રેની ત્રાંત્રિક શાખા તરફ ટેન્ડરરશ્રી નરેનશર્મા ને ફાળવેલ પ્લોટ નં ૩૨ વાળી જમીનમાં સ્પે.કેસ તરીકે બાધકામમાં માર્જીન મળવાપાત્ર છુટછાટ અંગે સરકારશ્રીના શ.વિ. અને શ.ગ્રુ.નિ.વિભાગમારફત વિકાસ પરવાનગી બાધકામ કરવાના કામે વિકાસ પરવાનગી અંગે કાયદાની કલમ ૨૯ હેઠળ ખાસ કિસ્સામા વિકાસપરવાંગી આપવા બાબતે સરકારશ્રીના તા.૧૮/૦૬/૨૦૧૮ થી અત્રેની કચેરીની તાંત્રીક શાખા ને સદર બાબતે અરજદારશ્રીની રજુઆત ગ્રાહ્ય રાખી શકાય નહી તેમ જણાવેલ હોઇ જે બાબતે તાત્રિક શાખાના તા,૦૯/૦૭/૨૦૧૮ ના પત્રનં યુડીએ/પ્લાન-૨/૧૧૩૬/૨૦૧૮ થી અત્રેની શાખામા અભીપ્રાય આપેલ છે.જે બાબત ટેન્ડરર નરેન શર્મા ને અત્રે ના પત્રક યુડીએ/એડીએમ/૪૮૩/૨૦૧૮ તા,૧૮/૦૭/૨૦૧૮ થી જાણ કરવામાં આવેલ અને આ બાબતે ટેન્ડરરશ્રી ને જે કોઇ ખુલાસા કરવા નો હોઇ તે અગે તા,૨૪/૦૭/૨૦૧૮ રોજ બપોરે ૧૨.૩૦ કલાકે રૂબરૂ સાંભળવામા આવેલ છે.અને ટેન્ડરરશ્રી ને તા,૨૪/૦૭/૨૦૧૮ ના રોજ રૂબરૂ સંભળાવવા મા આવતા તેઓ તા,૨૪/૦૭/૨૦૧૮ ના રોજ સદર પ્લોટમાં મળવાપાત્ર બાધકામ અંગે ફેરવિચારણા કરવા અંગે રજુઆત કરેલ જે અંગે પત્ર થી ત્રાંત્રિકશાખામાં તા,૦૧/૦૮/૨૦૧૮ થી ટેન્ડરરશ્રીની માંગણી અંગેના સાધનિક પુરાવા સહ મોકલી આપી અભિપ્રાય ની જાણ કરવા જણાવેલ જે અંગે ત્રાંત્રિકશાખા ના તા.૦૯/૦૭/૨૦૧૮ પત્રમાં જણાવાવ્યા મુજબ સદર પ્લોટમાં વધુ બાંકામ માટે જી.ડી.સી.આર માં છુટછાટ આપી શકાય તેમ નથી તેમ જણાવેલ છે.

ઉક્ત વિગતે ટેન્ડરરશ્રી તેમની તા.૧૪/૦૯/૨૦૧૮ ની અરજીથી જણાવેલ છે. કે રહેઠાણના હેતુ માટે બિલ્ટપ મળવાપાત્ર નહોય તો ફાઈનલ પ્લોટ નં ૩૨ ની ભરેલ કબજા હક્કની રકમ રૂ!૬,૯૦,૨૪૯/- પરત મળવા માંગણી કરેલ છે.

ઉપરોકત વિગતે જોતા ટેન્ડરરમાં દર્શાવેલ સરત નં(૧૦) મા જણાવ્યા મુજબ શરત નં(૮)ની વિગતે ટેન્ડરર દ્વારા નીયત સમયમા કબજાહક્કની રકમ ન ભરે અને ફાળવેલ પ્લોટની ઓફર ન સ્વીકારેતો ઈ.એમ.ડી ની રકમ જપ્ત કરવામા આવશે તેમ જણાવેલ છે.

વધુમાં ટેન્ડરર ફોર્મ ની શરતોમાં જણાવ્યા મુજબ શરતોની શરત નં(૧૭) જણાવ્ય મુજબ હરાજીમા સફળ થનાર ઓફરને વુડા દ્વારા કોઈ કારણોસર પ્લોટ તબદીલ કરી શકાય નહિ તેવા સંજોગો ઉદભવે ત્યારે બાના ડીપોઝીટ ( EMD)ની નાણા નાણાં((રકમ) વિના વ્યાજે પરત કરવામા આવશે તેમ જણાવેલ છે.

ઉપરોક્ત વિગતે ટેન્ડરરશ્રીએ એમની અરજીમા જણાવ્ય મુજબ કબજા હક્કની રકમ ના ૧૦% લેખે રૂા.૬,૨૭,૫૦૦/- તથા EMDની રકમ રૂા.૬૨,૭૪૯.૩૫/-મળી કુલ રૂા.૬૯૦૨૪૯/- પરત મળવા માંગળી કરેલ છે. જે અંગે અત્રેની કચેરી ના હુકમ નં.યુડીએ/એડીએમ/૭૩૬/૨૦૧૮ તા.૦૯/૧૦/૨૦૧૮ ના હુકમથી ટેન્ડરરશ્રી ને ભરેલ EMDની રકમ રૂા.૬૨,૭૪૯/- જપ્ત કરી અને ૧૦% ભરેલ રકમ રૂા.૬,૨૭,૫૦૦/- ટેન્ડરરશ્રી નરેન શર્માની પરત ચુકવેલ છે.

આમ ઉપરોક્ત વિગતે ટેન્ડરરશ્રીને સદર પ્લોટમાં માંગણી મુજબનુ બાંધકામ ન મળવાથી (રેરા) કચેરીમાં અરજી કરેલ છે, જેનો ઉક્ત વિગતે પ્રત્યુત્તર આપેલ છે. અને સદર પ્લોટ નો એરીયા ૧૫૯ ચો.મી છે.અને ટી.પી સ્કીમના ૩૦ મીટર રોડ ઉપર આવેલ હોઇ અને જી.ડી.સી.આર ની જોગવાઇ મુજબ કપાત કરતાં તેઓને કુલ પ્લોટના એરીયા નુ ૧૫ ચો.મી બાંધકામ મળવાપાત્ર થાય છે,અને ટેન્ડરરશ્રી અત્રેની કચેરીમાં રૂબરૂ મળી તેઓએ તા.૦૬/૦૭/૨૦૨૦ ની અરજીથી ટેન્ડર સાથે ભરેલ ઇ.એમ.ડી ની રકમ રકમ રૂા.૬૨,૭૪૯/- પરત મળવા માંગણી કરેલ જે અંગે ટેન્ડરરશ્રી સદર પ્લોટ વધુ બાંધકામ મળવાપાત્ર ન હોઇ જેથી તેઓની ભરેલ ઇ.એમ.ડી રકમ અત્રેની કચેરીના તા.૦૯/૧૦/૨૦૧૮ ના હુકમ થી રૂા.૬૨,૭૪૯/- જપ્ત કરેલ છે જે ટેન્ડરરશ્રીને પરત આપવા કે કેમ ? તે અંગે બોર્ડ સમક્ષ મુદો રજુ થતા સર્વ સભ્યશ્રીઓએ વિગતવાર ચર્ચા વિચારણા કરી તથા સી.જી.ડી.સી.આર ના નિયમો મુજબ પ્લોટ સ્વતંત્ર વ્યકિતને મકાન બનાવવા ઉપયોગી થઇ શકે તેમ ન હોય ટેન્ડરની શરત મુજબ તેમજ તા.૦૯/૧૦/૨૦૧૮ ના હુકમ મુજબ કપાત કરેલ ડીપોજીટની રકમ પરત આપવા સર્વસંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૭૧૦):** મોજે વેમાલી ટી.પી.સ્કીમ.નં.૧ માં વુડા ને સંપ્રાપ્ત થયેલ રહેણાંક વેચાણવાળા ફા.પ્લોટ.નં.૩૨ ની ૧૫૯ ચો.મી વાળી જમીન ટેન્ડરરશ્રી નરેન રઘુનંદન શર્માને ફાળવણી કરવામાં આવેલ હતી. આ પ્લોટ ટી.પી સ્કીમના ૩૦ મીટર રોડ ઉપર આવેલ હોઇ અને નવા સી.જી.ડી.સી.આર. ની જોગવાઇ મુજબ નહિવત બાંધકામ મળવાપાત્ર થતુ હોવાથી ટેન્ડરર ધ્વારા પ્લોટ પરત કરતા તેઓની ભરેલ ઇ.એમ.ડીની રકમ રૂા.૬૨,૭૪૯/- અત્રેની કચેરીના તા.૦૯/૧૦/૨૦૧૮ ના હુકમથી જપ્ત કરેલ છે. અને બાકીની રકમ પરત ચૂકવેલ છે. જેથી વુડા ના સી.જી.ડીસી.આરના નિયમોને કારણે તેઓને પ્લોટ ઉપયોગી થાય તેમ ન હોવાથી પરત કરેલ હોય, અત્રેની કચેરીના તા.૦૯/૧૦/૨૦૧૮ ના હુકમથી રૂા.૬૨,૭૪૯/- ડીપોઝીટની રકમ જપ્ત કરેલ તે પરત આપવા સર્વાનુમતે ઠરાવી તથા આ અંગેની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સોંપવાનું ઠરાવવામાં આવ્યું.

**મુદ્દાનં. (૪) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના સને-૨૦૧૯-૨૦ ના વાર્ષિક હીસાબોને બહાલી આપવા બાબત**

**વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના સને-૨૦૧૯-૨૦ ના વાર્ષિક હીસાબો તૈયાર કરી સત્તામંડળ ની બહાલી માટે રજુ કરેલ છે.**

**ઠરાવ ક્રમાંક (૨૭૧૧): સત્તામંડળના સને-૨૦૧૯-૨૦ ના વાર્ષિક હીસાબો બહાલી આપવામાં આવી**

**મુદ્દાનં. (૫) મોજે બીલ ખાતે સુચિત નગર રચના યોજના નં.૨૭/એ ખાતે અધિનિયમની કલમ-૪૨ અન્વયે પ્રસિધ્ધ કરતાં મળેલ વાંધા સુચનો પર કલમ-૪૭ અન્વયે નિર્ણય લઇ સરકારશ્રીમાં મંજુરી અર્થે પાઠવવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ (વુડા) દ્વારા મોજે બીલ ખાતે સુચિત નગર રચના યોજના નં.૨૭/એ ગામના રેવન્યુ વિસ્તારમાં ગુલાબી- તુટક લીટીથી દર્શાવ્યા મુજબની હદ અંગેના પરામર્શની દરખાસ્ત તા.૧૪/03/૨૦૧૯ ના રોજ મુખ્ય નગર નિયોજક ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરીને પાઠવતા તેઓશ્રીની કચેરી દ્વારા તા.૧૦/૦૪/૨૦૧૯ ના પત્રથી અધિનિયમની કલમ-૪૧ ની પેટા કલમ-૧ હેઠળ હદ પરામર્શ આપવામાં આવેલ હતો. મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૭/એ તૈયાર કરવાના કામે વુડાની તા.૨૦/૦૭/૨૦૧૯ ની બોર્ડ બેઠક નં.૨૪૦ માં મુદ્દો લઇ તે પરત્વે ઠરાવ ક્રમાંક ૨૬૧૧ થી ઇરાદો જાહેર કરવા અંગે ઠરાવ થયેલ છે. તદ્નુસાર ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૧(૧) હેઠળ યોજનાનો ઇરાદો તા.૨૦/૦૭/૨૦૧૯ ના રોજ જાહેર કરવામાં આવેલ. જેની પ્રસિધ્ધ તા.૦૫/૦૮/૨૦૧૯ ના રોજ સરકારી રાજ્ય પત્રના પાન નં.૨૦૧-૨૦૨ ઉપર કરવામાં આવેલ તથા સ્થાનિક દૈનિક વર્તમાન પત્રો તથા જાહેર સ્થળોએ પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ. સદર ઇરાદાની જાણ સરકારશ્રીમાં તા.૦૭/૦૮/૨૦૧૯ ના પત્રથી અધિક મુખ્ય સચિવશ્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને પણ કરાયેલ. આમ ઇરાદો જાહેર કરવાની તમામ કાર્યવાહી પુર્ણ કરેલ છે. ત્યારબાદ ઉકત અધિનિયમ તથા તે તળેના નિયમો ૧૯૭૯ ના નિયમ નં.૧૭ પ્રમાણે યોજનાનો મુસદ્દો તૈયાર કરી તેની સમજુતી મેળવવા અંગે ઓનર્સ મીટીંગ વુડા ભવન, એલ.એન્ડ.ટી. સર્કલ પાસે, વીઆઇપીરોડ, વડોદરા ખાતે તા.૦૭/૦૭/૨૦૨૦ ના રોજ રાખવામાં આવેલ. જે અંગે યોજના વિસ્તારના લોકોને વ્યક્તિગત નોટીસ આપવામાં આવેલ. અને સદર મીટીંગની બહોળી પ્રસિધ્ધીના કામે સ્થાનીક વર્તમાન પત્રોમાં જાહેર નોટીસ પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ. ત્યારબાદ અધિનિયમની કલમ-૪૨ તથા નિયમ-૧૮ હેઠળ પ્રસિધ્ધ કરેલ છે તે મુસદ્દા પરત્વે વાંધા સુચનો મેળવવા અંગે અધિસુચન સરકારી રાજય પત્રમાં, સ્થાનિક દૈનિક વર્તમાન પત્રોમાં તથા જાહેર સ્થળોએ, સંબંધિત કચેરીઓમાં પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. અધિનિયમની-૧૯૭૬ તથા તે તળેના નિયમો -૧૯૭૯ ના નિયમ ૧૮ મુજબ અધિસુચન તા.૧૫/૦૭/૨૦૨૦ ના રોજ ગેઝેટમાં પ્રસિધ્ધ થયેલ છે. જેથી ત્યારથી એક માસની મુદતમાં આવેલ વાંધા સુચનો ધ્યાને લેવાના થાય. એક માસના સમય ગાળામાં નગર રચના યોજના ૨૭/એ ના કુલ <u>૯૩</u> વાંધા રજુ થયેલ છે. સમય મર્યાદામાં આવેલ નગર રચના યોજના ૨૭/એ ના વાંધાઓની ચકાસણી કરી તારીજ તૈયાર કરાયેલ છે. જે આ સાથે પરિશિષ્ટમાં દર્શાવવામાં આવેલ છે. સદર વાંધા સુચનો પરત્વે કાયદાની કલમ-૪૭ અન્વયે નિર્ણય લેવા તથા તે નિર્ણયોનો સમાવેશ કરી સદર મુસદ્દારૂપ નગર રચના યોજના, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૮ (૧) અન્વયે સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા ચર્ચા વિચારણા અર્થે બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ સાદર રજુ.

<u>ઠરાવ ક્રમાંક (૨૭૧૨):</u> મોજે બીલ ખાતે સૂચિત નગર રચના યોજના નં ૨૭/એ નો મુસદ્દો ગેંઝેટમાં પ્રસિધ્ધ કર્યા તા.૧૫-૦૭-૨૦૨૦ થી એક માસની સમય મર્યાદામાં સુચિત નગર રચના યોજનાનં ૨૭/એ માં કુલ ૯૩ વાંધા અરજીઓ સત્તામંડળને મળેલ, તમામ અરજીઓની વિવિધ કુલ- ૧૩૯ રજૂઆતો પૈકી કુલ – ૮૦ રજૂઆતો પરત્વે હકારાત્મક અભિગમ અપનાવી સુધારા કરવા તથા બાકીની ૫૯ રજૂઆતો જાહેર હિતમાં ગ્રાહ્ય ન રાખવા નક્કી કરવામાં આવેલ તથા યોજનાના વિસ્તારમાં સમાવિષ્ટ ડી.પી. રોડના રસ્તા રેષાઓમાં સુચિત યોજનામાં ફેરફાર મુજબ કાયમ રાખવા તથા રસ્તા પૈકીની સદર જમીનોને લાગુ ઝોનમાં સ્થિત કરવા કલમ ૧૯ હેઠળ ફેરફાર કરવા ઠરાવવામાં આવ્યું. આમ યોજનાના

મુસદ્દામાં ઉકત નિર્ણયો અંગેના ફેરફારો આમેજ કરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ – ૧૯૭૬ ની કલમ ૪૮(૧) હેઠળ યોજના સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા ઠરાવવામાં આવ્યું. તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુદ્દાનં. (૬) મોજે બીલ ખાતે સુચિત નગર રચના યોજના નં.૨૭/બી ખાતે અધિનિયમની કલમ-૪૨ અન્વયે પ્રસિધ્ધ કરતાં મળેલ વાંધા સુચનો પર કલમ-૪૭ અન્વયે નિર્ણય લઇ સરકારશ્રીમાં મંજુરી અર્થે પાઠવવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ (વુડા) દ્વારા મોજે બીલ ખાતે સુચિત નગર રચના યોજના નં.૨૭/બી ગામના રેવન્યુ વિસ્તારમાં ગુલાબી- તુટક લીટીથી દર્શાવ્યા મુજબની હદ અંગેના પરામર્શની દરખાસ્ત તા.૧૪/૦૩/૨૦૧૯ ના રોજ મુખ્ય નગર નિયોજક ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરીને પાઠવતા તેઓશ્રીની કચેરી દ્વારા તા.૧૦/૦૪/૨૦૧૯ ના પત્રથી અધિનિયમની કલમ-૪૧ ની પેટા કલમ-૧ હેઠળ હદ પરામર્શ આપવામાં આવેલ હતો. મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૭/બી તૈયાર કરવાના કામે વુડાની તા.૨૦/૦૭/૨૦૧૯ ની બોર્ડ બેઠક નં.૨૪૦ માં મુદ્દો લઇ તે પરત્વે ઠરાવ ક્રમાંક ૨૬૧૨ થી ઇરાદો જાહેર કરવા અંગે ઠરાવ થયેલ છે. તદ્દનુસાર ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૧(૧) હેઠળ યોજનાનો ઇરાદો તા.૨૦/૦૭/૨૦૧૯ ના રોજ જાહેર કરવામાં આવેલ. જેની પ્રસિધ્ધ તા.૦૫/૦૮/૨૦૧૯ ના રોજ સરકારી રાજ્ય પત્રના પાન નં.૨૦૨-૨૦૩ ઉપર કરવામાં આવેલ તથા સ્થાનિક દૈનિક વર્તમાન પત્રો તથા જાહેર સ્થળોએ પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ. સદર ઇરાદાની જાણ સરકારશ્રીમાં તા.૦૭/૦૮/૨૦૧૯ ના પત્રથી અધિક મુખ્ય સચિવશ્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને પણ કરાયેલ. આમ ઇરાદો જાહેર કરવાની તમામ કાર્યવાહી પુર્ણ કરેલ છે. ત્યારબાદ ઉકત અધિનિયમ તથા તે તળેના નિયમો ૧૯૭૯ ના નિયમ નં.૧૭ પ્રમાણે યોજનાનો મુસદ્દો તૈયાર કરી તેની સમજુતી મેળવવા અંગે ઓનર્સ મીટીંગ વુડા ભવન, એલ.એન્ડ.ટી. સર્કલ પાસે, વીઆઇપીરોડ, વડોદરા ખાતે તા.૦૭/૦૭/૨૦૨૦ ના રોજ રાખવામાં આવેલ. જે અંગે યોજના વિસ્તારના લોકોને વ્યક્તિગત નોટીસ આપવામાં આવેલ. અને સદર મીટીંગની બહોળી પ્રસિધ્ધીના કામે સ્થાનીક વર્તમાન પત્રોમાં જાહેર નોટીસ પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ. ત્યારબાદ અધિનિયમની કલમ-૪૨ તથા નિયમ-૧૮ હેઠળ પ્રસિધ્ધ કરેલ છે તે મુસદ્દા પરત્વે વાંધા સુચનો મેળવવા અંગે અધિસુચન સરકારી રાજય પત્રમાં, સ્થાનિક દૈનિક વર્તમાન પત્રોમાં તથા જાહેર સ્થળોએ, સંબંધિત કચેરીઓમાં પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. અધિનિયમની-૧૯૭૬ તથા તે તળેના નિયમો -૧૯૭૯ ના નિયમ ૧૮ મુજબ અધિસુચન તા.૧૫/૦૭/૨૦૨૦ ના રોજ ગેઝેટમાં પ્રસિધ્ધ થયેલ છે. જેથી ત્યારથી એક માસની મુદતમાં આવેલ વાંધા સુચનો ધ્યાને લેવાના થાય. એક માસના સમય ગાળામાં નગર રચના યોજના ૨૭/બી ના કુલ <u>૬૩</u> વાંધા રજુ થયેલ છે. સમય મર્યાદામાં આવેલ નગર રચના યોજના ૨૭/બી ના વાંધાઓની ચકાસણી કરી તારીજ તૈયાર કરાયેલ છે. જે આ સાથે પરિશિષ્ટમાં દર્શાવવામાં આવેલ છે. સદર વાંધા સુચનો પરત્વે કાયદાની કલમ-૪૭ અન્વયે નિર્ણય લેવા તથા તે નિર્ણયોનો સમાવેશ કરી સદર મુસદ્દારૂપ નગર રચના યોજના, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૮ (૧) અન્વયે સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા ચર્ચા વિચારણા અર્થે બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ સાદર રજુ.

**<u>ઠરાવ ક્રમાંક (૨૭૧૩):</u>** મોજે બીલ ખાતે સૂચિત નગર રચના યોજના નં ૨૭/બી નો મુસદ્દો ગેઝેટમાં પ્રસિધ્ધ કર્યા તા. ૧૫-૦૭-૨૦૨૦ થી એક માસની સમય મર્યાદામાં સુચિત નગર રચના યોજનાનં ૨૭/બી માંકુલ ૬૩ વાંધા અરજીઓ સત્તામંડળને મળેલ, તમામ અરજીઓની વિવિધ કુલ-૮૩ રજૂઆતો પૈકી કુલ – ૫૧ રજૂઆતો પરત્વે હકારાત્મક અભિગમ અપનાવી સુધારા કરવા તથા બાકીની ૩૨ રજૂઆતો જાહેર હિતમાં ગ્રાહ્ય ન રાખવા નક્કી કરવામાં આવેલ તથા યોજનાના વિસ્તારમાં સમાવિષ્ટ ડી.પી. રોડના રસ્તા રેષાઓમાં સુચિત યોજનામાં ફેરફાર મુજબ કાયમ રાખવા તથા રસ્તા પૈકીની સદર જમીનોને લાગુ ઝોનમાં સ્થિત કરવા કલમ ૧૯ હેઠળ ફેરફાર કરવા

ઠરાવવામાં આવ્યું. આમ યોજનાના મુસદ્દામાં ઉકત નિર્ણયો અંગેના ફેરફારો આમેજ કરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ – ૧૯૭૬ ની કલમ ૪૮(૧) હેઠળ યોજના સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા ઠરાવવામાં આવ્યું. તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુદ્દાનં. (૭) મોજે ચાપડ ખાતે સુચિત નગર રચના યોજના નં.૨૭/સી ખાતે અધિનિયમની કલમ-૪૨ અન્વયે પ્રસિધ્ધ કરતાં મળેલ વાંધા સુચનો પર કલમ-૪૭ અન્વયે નિર્ણય લઇ સરકારશ્રીમાં મંજુરી અર્થે પાઠવવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ (વુડા) દ્વારા મોજે ચાપડ ખાતે સુચિત નગર રચના યોજના નં.૨૭/સી ગામના રેવન્યુ વિસ્તારમાં ગુલાબી- તુટક લીટીથી દર્શાવ્યા મુજબની હદ અંગેના પરામર્શની દરખાસ્ત તા.૧૪/03/૨૦૧૯ ના રોજ મુખ્ય નગર નિયોજક ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરીને પાઠવતા તેઓશ્રીની કચેરી દ્વારા તા.૧૦/૦૪/૨૦૧૯ ના પત્રથી અધિનિયમની કલમ-૪૧ ની પેટા કલમ-૧ હેઠળ હદ પરામર્શ આપવામાં આવેલ હતો. મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૭/સી તૈયાર કરવાના કામે વુડાની તા.૨૦/૦૭/૨૦૧૯ ની બોર્ડ બેઠક નં.૨૪૦ માં મુદ્દો લઇ તે પરત્વે ઠરાવ ક્રમાંક ૨૬૧૩ થી ઇરાદો જાહેર કરવા અંગે ઠરાવ થયેલ છે. તદ્દનુસાર ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૧(૧) હેઠળ યોજનાનો ઇરાદો તા.૨૦/૦૭/૨૦૧૯ ના રોજ જાહેર કરવામાં આવેલ. જેની પ્રસિધ્ધ તા.૦૫/૦૮/૨૦૧૯ ના રોજ સરકારી રાજ્ય પત્રના પાન નં.૨૦૩-૨૦૪ ઉપર કરવામાં આવેલ તથા સ્થાનિક દૈનિક વર્તમાન પત્રો તથા જાહેર સ્થળોએ પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ. સદર ઇરાદાની જાણ સરકારશ્રીમાં તા.૦૭/૦૮/૨૦૧૯ ના પત્રથી અધિક મુખ્ય સચિવશ્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને પણ કરાયેલ. આમ ઇરાદો જાહેર કરવાની તમામ કાર્યવાહી પુર્ણ કરેલ છે. ત્યારબાદ ઉકત અધિનિયમ તથા તે તળેના નિયમો ૧૯૭૯ ના નિયમ નં.૧૭ પ્રમાણે યોજનાનો મુસદ્દો તૈયાર કરી તેની સમજુતી મેળવવા અંગે ઓનર્સ મીટીંગ વુડા ભવન, એલ.એન્ડ.ટી. સર્કલ પાસે, વીઆઇપીરોડ, વડોદરા ખાતે તા.૦૮/૦૭/૨૦૨૦ ના રોજ રાખવામાં આવેલ. જે અંગે યોજના વિસ્તારના લોકોને વ્યક્તિગત નોટીસ આપવામાં આવેલ. અને સદર મીટીંગની બહોળી પ્રસિધ્ધીના કામે સ્થાનીક વર્તમાન પત્રોમાં જાહેર નોટીસ પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ. ત્યારબાદ અધિનિયમની કલમ-૪૨ તથા નિયમ-૧૮ હેઠળ પ્રસિધ્ધ કરેલ છે તે મુસદ્દા પરત્વે વાંધા સુચનો મેળવવા અંગે અધિસુચન સરકારી રાજય પત્રમાં, સ્થાનિક દૈનિક વર્તમાન પત્રોમાં તથા જાહેર સ્થળોએ, સંબંધિત કચેરીઓમાં પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. અધિનિયમની-૧૯૭૬ તથા તે તળેના નિયમો -૧૯૭૯ ના નિયમ ૧૮ મુજબ અધિસુચન તા.૧૫/૦૭/૨૦૨૦ ના રોજ ગેઝેટમાં પ્રસિધ્ધ થયેલ છે. જેથી ત્યારથી એક માસની મુદતમાં આવેલ વાંધા સુચનો ધ્યાને લેવાના થાય. એક માસના સમય ગાળામાં નગર રચના યોજના ૨૭/સી ના કુલ <u>૮૮</u> વાંધા રજુ થયેલ છે. સમય મર્યાદામાં આવેલ નગર રચના યોજના ૨૭/સી ના વાંધાઓની ચકાસણી કરી તારીજ તૈયાર કરાયેલ છે. જે આ સાથે પરિશિષ્ટમાં દર્શાવવામાં આવેલ છે. સદર વાંધા સુચનો પરત્વે કાયદાની કલમ-૪૭ અન્વયે નિર્ણય લેવા તથા તે નિર્ણયોનો સમાવેશ કરી સદર મુસદ્દારૂપ નગર રચના યોજના, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૮ (૧) અન્વયે સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા ચર્ચા વિચારણા અર્થે બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ સાદર રજુ.

<u>**ઠરાવ ક્રમાંક (૨૭૧૪):**</u> મોજે ચાપડ ખાતે સૂચિત નગર રચના યોજના નં ૨૭/સી નો મુસદ્દો ગેંઝેટમાં પ્રસિધ્ધ કર્યા તા.૧૫-૦૭-૨૦૨૦ થી એક માસની સમય મર્યાદામાં સુચિત નગર રચના યોજનાનં ૨૭/સી માંકુલ ૮૮ વાંધા અરજીઓ સત્તામંડળને મળેલ, તમામ અરજીઓની વિવિધ કુલ ૯૮ રજૂઆતો પૈકી કુલ – ૩૪ રજૂઆતો પરત્વે હકારાત્મક અભિગમ અપનાવી સુધારા કરવા તથા બાકીની ૬૪ રજૂઆતો જાહેર હિતમાં ગ્રાહય ન રાખવા નક્કી કરવામાં આવેલ તથા યોજનાના વિસ્તારમાં સમાવિષ્ટ ડી.પી. રોડના રસ્તા રેષાઓમાં સુચિત યોજનામાં ફેરફાર મુજબ કાયમ રાખવા તથા રસ્તા પૈકીની સદર જમીનોને લાગુ

ઝોનમાં સ્થિત કરવા કલમ ૧૯ હેઠળ ફેરફાર કરવા ઠરાવવામાં આવ્યું. આમ યોજનાના મુસદ્દામાં ઉકત નિર્ણયો અંગેના ફેરફારો આમેજ કરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ – ૧૯૭૬ ની કલમ ૪૮(૧) હેઠળ યોજના સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા ઠરાવવામાં આવ્યું. તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુદ્દાનંબર(૮):વડોદરા શહેરી વિકાસ સત્તામંડળમાં સમાવિષ્ટ મોજે કોયલી એક્ષ્ટેન્શન વિસ્તારમાં આવતી જમીનોમાં સૂચિત નગર રચના યોજના નં.૪૨ (કોયલી)ને અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૮(૧) હેઠળ સરકારશ્રીમાં મંજૂરી અર્થે સાદર કરવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં સમાવિષ્ટ મોજે કોયલી ગામની સેન્સસ-૨૦૧૧ મુજબ વસ્તી ૧૦૬૯૧ છે, વુડાના મંજુર અમલી સી.જી.ડી.સી.આર મુજબ ગામની વસ્તી ૫૦૦૦ થી વધુ હોય તો ગામતળથી ૬૦૦ મીટર વિસ્તારને ગામતળ એક્ષટેન્શન વિસ્તાર ગણી વિકાસ યોજના મુજબ ખેતીવાડી ઝોન હોય તો પણ ૧.૬ બેઝ એફ.એસ.આઇ તથા ૦.૨ ચાર્જેબલ એફ.એસ.આઇ ની મર્યાદામાં વિવિધ હેતુ માટે વિકાસ પરવાનગી આપવાની જોગવાઇ છે, સદર વિસ્તારોમાં ઝડપી વિકાસની વિગતો ધ્યાને લઇ આ વિસ્તારોમાં સુઆયોજીત વિકાસ થાય તે માટે વુડાની બોર્ડ બેઠક નં.૨૩૮, તા.૧૪/૧૨/૧૮ ઠરાવ નંબર (૨૫૫૩) થી સૂચિત નગર રચના યોજના નં.૪૨ (કોયલી) ક્ષેત્રફળ:૧૯૦ હેકટર બનાવવાનું ઠરાવવામાં આવેલ સૂચિત નગર રચના યોજના તૈયાર કરવા અત્રેની કચેરીના પત્ર નં.યુડીએ/પ્લાન-૪/૧૮૫/૨૦૧૯, તા.૧૩/૦૨/૨૦૧૮ થી અધિનિયમની કલમ-૪૧(૧) હેઠળ હદ પરામર્શ મેળવવા મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજય ગાંધીનગરને દરખાસ્ત પાઠવવામાં આવેલ, મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય ગાંધીનગર દ્વારા તેઓશ્રીની કચેરીના પત્ર નં.વડોદરા/નરયોનં.૪૨(કોયલી) પરામર્શ/દ.ગુ./૧૦૦૬, તા.૨૦/૦૨/૨૦૧૯ થી નગર રચના યોજના તૈયાર કરવાના કામે હદ પરામર્શને અનુમોદન આપવામાં આવેલ, સદરહું યોજનાનો ઇરાદો વુડા બોર્ડ બેઠકનં.૨૩૯, તા.૨૧/૦૨/૨૦૧૯, ઠરાવ નં.૧૫૯૦ થી જાહેર કરવામાં આવેલ, પરંતુ સૂચિત નગર રચના યોજનાનં.૪૨ (કોયલી)ની જમીનોની મૂળખંડની માપણી કરાવી રેકર્ડની સર્ટીફીકેશન ડી.આઇ.એલ.આરશ્રી વડોદરાની કચેરીમાં કરાવતા ગામતળની હદમાં આંશિક ફેરફાર થયા હોવાનું ધ્યાને આવતા અત્રેની કચેરીના પત્ર નં.યુડીએ/પ્લાન-૪/૩૧૦/૨૦૧૯, તા.૧૪/૦૩/૨૦૧૯ થી અધિનિયમની કલમ – ૪૧(૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રી ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો ફેર પરામર્શ માંગવામાં આવેલ, મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરની કચેરીના પત્ર નં.વડોદરા/નરયો/નં.૪૨ (કોયલી)/પરામર્શ/દ.ગુ./૧૭૪૭, તા.૦૩/૦૪/૨૦૧૯ થી ફેર પરામર્શ આપવામાં આવેલ છે. જેમાં દર્શાવેલ હદો તથા શરતોને આધિન સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૪૨ (કોયલી) બનાવવાનો ઇરાદો અત્રેની તા.૨૦/૦૭/૨૦૧૯ ની ૨૪૦ મી બોર્ડ બેઠક ઠરાવ ક્રમાંક: ૨૬૦૯ થી જાહેર કરેલ. જેની પ્રસિધ્ધિ તા.૦૫/૦૮/૨૦૧૯ ના રોજ સરકારી રાજ્ય પત્રના પાન નં.૨૦૪-૨૦૫ ઉપર કરવામાં આવેલ તથા સ્થાનિક દૈનિક વર્તમાન પત્રો તથા જાહેર સ્થળોએ પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ. સદર ઇરાદાની જાણ સરકારશ્રીમાં તા.૦૭/૦૮/૨૦૧૯ ના પત્રથી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને પણ કરાયેલ. આમ ઇરાદો જાહેર કરવાની તમામ કાર્યવાહી પુર્ણ કરેલ છે. ત્યારબાદ ઉકત અધિનિયમ તથા તે તળેના નિયમો ૧૯૭૯ ના નિયમ નં.૧૭ પ્રમાણે યોજનાનો મુસદ્દો તૈયાર કરી તેની સમજુતી મેળવવા અંગે ઓનર્સ મીટીંગ વુડા ભવન, કારેલીબાગ ખાતે તા.૦૬/૦૭/૨૦૨૦ ના રોજ રાખવામાં આવેલ. જે અંગે યોજના વિસ્તારના લોકોને વ્યક્તિગત નોટીસ આપવામાં આવેલ. અને સદર મીટીંગની બહોળી પ્રસિધ્ધિના કામે સ્થાનિક વર્તમાન પત્રોમાં જાહેર નોટીસ પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ. ત્યારબાદ અધિનિયમની કલમ-૪૨ તથા નિયમ-૧૮ હેઠળ પ્રસિધ્ધ કરેલ છે તે મુસદ્દા પરત્વે વાંધા સુચનો મેળવવા અંગે અધિસુચન સરકારી રાજય પત્રમાં, સ્થાનિક દૈનિક વર્તમાન પત્રોમાં તથા જાહેર સ્થળોએ, સંબંધિત કચેરીઓમાં પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. અધિનિયમની-૧૯૭૬ તથા તે તળેના નિયમો -૧૯૭૯ ના નિયમ ૧૮ મુજબ અધિસુચન તા.૧૫/૦૭/૨૦૨૦ ના રોજ ગેઝેટમાં પ્રસિધ્ધ કરેલ છે. જેથી પ્રસિધ્ધિની તારીખથી એક માસના સમય ગાળામાં નગર રચના યોજના ૪૨ ના કુલ <u>૬૫</u> વાંધા રજુ થયેલ છે. સમય

મર્યાદામાં આવેલ વાંધાઓની ચકાસણી કરી તારીજ તૈયાર કરાયેલ છે. જે આ સાથે પરિશિષ્ટમાં દર્શાવવામાં આવેલ છે. સદર વાંધા સુચનો પરત્વે કાયદાની કલમ-૪૭ અન્વયે નિર્ણય લેવા તથા તે નિર્ણયોનો સમાવેશ કરી સદર મુસદ્દારૂપ નગર રચના યોજના, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૮ (૧) અન્વયે સરકારશ્રીમાં અર્થે સાદર કરવા ચર્ચા વિચારણા અર્થે બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ સાદર રજુ.

**ઠરાવ ક્રમાંક (૨૭૧૫):** મોજે કોયલી ખાતે સૂચિત નગર રચના યોજના નં ૪૨ નો મુસદ્દો ગૅઝેટમાં પ્રસિધ્ધ કર્યા તા.૧૫-૦૭-૨૦૨૦ થી એક માસની સમય મર્યાદામાં સુચિત નગર રચના યોજનાનં ૪૨ માં કુલ ૬૫ વાંધા અરજીઓ સત્તામંડળને મળેલ, તમામ અરજીઓની વિવિધ કુલ-૧૧૨ રજૂઆતો પૈકી કુલ – ૩૫ રજૂઆતો પરત્વે હકારાત્મક અભિગમ અપનાવી સુધારા કરવા તથા બાકીની ૭૭ રજૂઆતો જાહેર હિતમાં ગ્રાહ્ય ન રાખવા નક્કી કરવામાં આવેલ તથા યોજનાના વિસ્તારમાં સમાવિષ્ટ ડી.પી. રોડના રસ્તા રેષાઓમાં સુચિત યોજનામાં ફેરફાર મુજબ કાયમ રાખવા તથા રસ્તા પૈકીની સદર જમીનોને લાગુ ઝોનમાં સ્થિત કરવા કલમ ૧૯ હેઠળ ફેરફાર કરવા ઠરાવવામાં આવ્યું. આમ યોજનાના મુસદ્દામાં ઉકત નિર્ણયો અંગેના ફેરફારો આમેજ કરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ – ૧૯૭૬ ની કલમ ૪૮(૧) હેઠળ યોજના સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા ઠરાવવામાં આવ્યું. તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુદ્દા.નંબર(૯):વડોદરા શહેરી વિકાસ સત્તામંડળમાં સમાવિષ્ટ મોજે ઉંડેરા એક્ષ્ટેન્શન વિસ્તારમાં આવતી જમીનોમાં સૂચિત નગર રચના યોજના નં.૪૩ (ઉંડેરા-અંકોડિયા)ને અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૮(૧) હેઠળ સરકારશ્રીમાં મંજૂરી અર્થે સાદર કરવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં સમાવિષ્ટ મોજે ઉંડેરા ગામની વસ્તી ૧૬૯૦૨ છે, વુડાના મંજુર અમલી સી.જી.ડી.સી.આર મુજબ ગામની વસ્તી ૫૦૦૦ થી વધુ હોય તો ગામતળથી ૬૦૦ મીટર વિસ્તારને ગામતળ એક્ષટેન્શન વિસ્તાર ગણી વિકાસ યોજનાં મુજબ ખેતીવાડી ઝોન હોય તો પણ ૧.૬ બેઝ એફ.એસ.આઇ તથા ૦.૨ ચાર્જેબલ એફ.એસ.આઇ. ની મર્યાદામાં વિવિધ હેતુ માટે વિકાસ પરવાનગી આપવાની જોગવાઇ છે, સદર વિસ્તારોમાં ઝડપી વિકાસની વિગતો ધ્યાને લઇ આ વિસ્તારોમાં સુઆયોજીત વિકાસ થાય તે માટે વુડાની બોર્ડ બેઠક નં.૨૩૮, તા.૧૪/૧૨/૧૮ ઠરાવ નંબર (૨૫૫૩) થી સૂચિત નગર રચના યોજના નં.૪૩ (ઉંડેરા-અંકોડીયા) ક્ષેત્રફળ:૧૬૦ હેકટર બનાવવાનું ઠરાવવામાં આવેલ સૂચિત નગર રચના યોજના તૈયાર કરવાના કામે અત્રેની કચેરીના પત્ર નં.યુડીએ/પ્લાન-૪/૧૮૪/૨૦૧૯,તા.૧૩/૦૨/૨૦૧૮ થી અધિનિયમની કલમ-૪૧(૧) હેઠળ હદ પરામર્શ મેળવવા મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજય ગાંધીનગરને દરખાસ્ત પાઠવવામાં આવેલ, મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય ગાંધીનગર દ્વારા તેઓશ્રીની કચેરીના પત્ર નં. વડોદરા/ નરયોનં.૪૩(ઉંડેરા-અંકોડીયા) પરામર્શ/દ.ગુ./૧૦૦૫, તા.૨૦/૦૨/૨૦૧૯ થી નગર રચના યોજના તૈયાર કરવાના કામે હદ પરામર્શને અનુમોદન આપવામાં આવેલ, સદરહું યોજનાનો ઇરાદો વુડા બોર્ડ બેઠકનં.૨૩૯, તા.૨૧/૦૨/૨૦૧૯, ઠરાવ નં.૧૫૯૦ થી જાહેર કરવામાં આવેલ, પરંતુ સૂચિત નગર રચના યોજના નં.૪૩ (ઉંડેરા-અંકોડીયા) ની જમીનોની મૂળખંડની માપણી કરાવી રેકર્ડની સર્ટીફીકેશન ડી.આઇ.એલ.આરશ્રી વડોદરાની કચેરીમાં કરાવતા ગામતળની હદમાં આંશિક ફેરફાર થયા હોવાનું ધ્યાને આવતા અત્રેની કચેરીના પત્ર નં.યુડીએ/પ્લાન-૪/૩૧૧/૨૦૧૯, તા.૧૪/03/૨૦૧૯ થી અધિનિયમની કલમ – ૪૧(૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રી ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો ફેર પરામર્શ માંગવામાં આવેલ, મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરની કચેરીના પત્ર નં.વડોદરા/નરયો/ નં.૪૩(ઉંડેરા-અંકોડીયા)/પરામર્શ/દ.ગુ./૧૭૪૮, તા.03/૦૪/૨૦૧૯ થી ફેર પરામર્શ આપવામાં આવેલ છે, જેમાં દર્શાવેલ હદો તથા શરતોને આધિન સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૪૩ (ઉંડેરા-અંકોડીયા) બનાવવાનો ઇરાદો અત્રેની તા.૨૦/૦૭/૨૦૧૯ ની ૨૪૦ મી બોર્ડ બેઠક ઠરાવ ક્રમાંક: ૨૬૧૦ થી જાહેર કરેલ. જેની પ્રસિધ્ધિ તા.૦૫/૦૮/૨૦૧૯ ના રોજ સરકારી રાજ્ય પત્રના પાન નં.૨૦૫-૨૦૬ ઉપર કરવામાં આવેલ તથા સ્થાનિક દૈનિક વર્તમાન પત્રો તથા જાહેર સ્થળોએ પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ. સદર ઇરાદાની જાણ સરકારશ્રીમાં તા.૦૭/૦૮/૨૦૧૯ ના પત્રથી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને પણ કરાયેલ. આમ ઇરાદો જાહેર કરવાની તમામ કાર્યવાહી પુર્ણ કરેલ છે. ત્યારબાદ ઉકત અધિનિયમ તથા તે તળેના નિયમો ૧૯૭૯ ના નિયમ નં.૧૭ પ્રમાણે યોજનાનો મુસદ્દો તૈયાર કરી તેની સમજુતી મેળવવા અંગે ઓનર્સ મીટીંગ વુડા ભવન, કારેલીબાગ ખાતે તા.૦૬/૦૭/૨૦૨૦ ના રોજ રાખવામાં આવેલ. જે અંગે યોજના વિસ્તારના લોકોને વ્યક્તિગત નોટીસ આપવામાં આવેલ. અને સદર મીટીંગની બહોળી પ્રસિધ્ધિના કામે સ્થાનિક વર્તમાન પત્રોમાં જાહેર નોટીસ પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ. ત્યારબાદ અધિનિયમની કલમ-૪૨ તથા નિયમ-૧૮ હેઠળ પ્રસિધ્ધ કરેલ છે તે મુસદ્દા પરત્વે વાંધા સુચનો મેળવવા અંગે અધિસુચન સરકારી રાજય પત્રમાં, સ્થાનિક દૈનિક વર્તમાન પત્રોમાં તથા જાહેર સ્થળોએ, સંબંધિત કચેરીઓમાં પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. અધિનિયમની-૧૯૭૬ તથા તે તળેના નિયમો -૧૯૭૯ ના નિયમ ૧૮ મુજબ અધિસુચન તા.૧૫/૦૭/૨૦૨૦ ના રોજ ગેઝેટમાં પ્રસિધ્ધ કરેલ છે. જેથી પ્રસિધ્ધિની તારીખથી એક માસના સમય

ગાળામાં નગર રચના યોજના ૪૩ ના કુલ ૭૯ વાંધા રજુ થયેલ છે. સમય મર્યાદામાં આવેલ વાંધાઓની ચકાસણી કરી તારીજ તૈયાર કરાયેલ છે. જે આ સાથે પરિશિષ્ટમાં દર્શાવવામાં આવેલ છે. સદર વાંધા સુચનો પરત્વે કાયદાની કલમ-૪૭ અન્વયે નિર્ણય લેવા તથા તે નિર્ણયોનો સમાવેશ કરી સદર મુસદ્દારૂપ નગર રચના યોજના, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૮ (૧) અન્વયે સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર સાદર ચર્ચા વિચારણા અર્થે બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ સાદર રજુ.

**ઠરાવ ક્રમાંક (૨૭૧૬):** મોજે ઉંડેરા-અંકોડીયા ખાતે સૂચિત નગર રચના યોજના નં ૪૩ નો મુસદ્દો ગેઝેટમાં પ્રસિધ્ધ કર્યા તા.- ૧૫-૦૭-૨૦૨૦ થી એક માસની સમય મર્યાદામાં સુચિત નગર રચના યોજનાનં ૪૩ માં કુલ ૭૯ વાંધા અરજીઓ સત્તામંડળને મળેલ, તમામ અરજીઓની વિવિધ કુલ-૮૨ રજૂઆતો પૈકી કુલ – ૪૩ રજૂઆતો પરત્વે હકારાત્મક અભિગમ અપનાવી સુધારા કરવા તથા બાકીની ૩૯ રજૂઆતો જાહેર હિતમાં ગ્રાહ્ય ન રાખવા નક્કી કરવામાં આવેલ તથા યોજનાના વિસ્તારમાં સમાવિષ્ટ ડી.પી. રોડના રસ્તા રેષાઓમાં સુચિત યોજનામાં ફેરફાર મુજબ કાયમ રાખવા તથા રસ્તા પૈકીની સદર જમીનોને લાગુ ઝોનમાં સ્થિત કરવા કલમ ૧૯ હેઠળ ફેરફાર કરવા ઠરાવવામાં આવ્યું. આમ યોજના ના મુસદ્દામાં ઉકત નિર્ણયો અંગેના ફેરફારો આમેજ કરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ – ૧૯૭૬ ની કલમ ૪૮(૧) હેઠળ યોજના સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા ઠરાવવામાં આવ્યું. તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુદ્દા નં.:(૧૦) નગર રચના યોજના નં.૨૫ (ટેકનોલોજી પાર્ક) માં નેટ ડીમાન્ડ રકમની વસુલાત કરવા બાબત.**

વુડા દ્વારા મોજે ગામ અણખોલ, હનુમાનપુરા, ખટંબા, બાપોદમાં આયોજીત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૫ (ટેકનોલોજી પાર્ક) ની દરખાસ્ત તા.૨૪/૦૧/૨૦૧૯ ના રોજ અધિનિયમની કલમ ૪૮(૧) હેઠળ મંજુરી અર્થે સરકારશ્રીમાં સાદર કરેલ હતી. જેને નામદાર સરકારશ્રી દ્વારા તા.૩૧/૧૨/૨૦૧૯ ના નોટીફીકેશન ક્રમાંક GH/V/191 of 2019/TPS-122019-366-L થી જરૂરી સુચનો સહ મંજુર કરેલ છે. નામદાર સરકારશ્રીમાં સાદર કરેલ મુસદ્દારૂપ નગર રચના યોજ્નાની દરખાસ્ત અન્વયે તૈયાર કરેલ ફોર્મ એફમાં મૂળખંડની કિંમતો તથા અંતિમખંડોની કિંમતો નક્કી કરવામાં ક્ષતિ રહી ગયેલ હોવાનું જણાવેલ છે. તેમજ સદર બાબતે નામદાર સરકારશ્રીના મુસદ્દારૂપ નગર રચના યોજના મંજુર કરવા બાબતેના નોટીફિકેશનના એનેક્ષરના મુદ્દા નંબર ૦૧ થી અધિનિયમની જોગવાઇઓ ધ્યાને લઇ મુળખંડની કિંમત તથા અંતિમખંડની વિકસિત તથા અવિકસિત કિંમતો નક્કી કરવાની રહેશે તે મુજબનું સુચન કરેલ છે. જે અન્વયે મંજુર મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૫ (ટેકનોલોજી પાર્ક)માં સમાવિષ્ટ જમીનમાં વિકાસ પરવાનગી મેળવવા રજુ થતા પ્રકરણોમાં નેટ ડીમાન્ડ રકમની વસુલાત ન કરતા; એમેનીટીઝ ફી પેટે રૂ.300/- ચો.મી. (બિલ્ટઅપ એરીયા) લેખે વસુલાત કરીએ અને જયારે સદરહું મંજુર મુસદ્દારૂપ નગર રચના યોજના આખરી થયા બાદ જે તે વખતના નેટ ડીમાન્ડ રકમને ધ્યાને રાખી તફાવતની રકમ વસુલાત કરવાનો મુદ્દો તા.૦૬/૦૨/૨૦૨૦ ના રોજ મળેલ વુડા બોર્ડ બેઠક સમક્ષ રજુ કરતાં બોર્ડ દ્વારા ઠરાવ ક્રમાંક ૨૬૭૨ થી સદરહું યોજનામાં થનાર સુચિત સુવિધાઓ તથા અન્ય બાબતેના ખર્ચની વિગતો અન્વયે કામચલાઉ ખર્ચના અંદાજો (cost of work) ની ગણતરી કરી, અંતિમખંડોના ક્ષેત્રફળની સાપેક્ષે કિંમતોને આકારી તદનુસારની વિગતોએ આગળની કાર્યવાહી કરવા અને કરેલ કાર્યવાહીને આગામી બોર્ડ બેઠકમાં બહાલી મેળવવાનું ઠરાવેલ છે.

ઉપરોકત બાબતે મંજુર મુસદ્દારૂપ નગર રચના યોજનાની દરખાસ્તમાં જણાવેલ ખર્ચનો અંદાજ (cost of work) ને ખાનગી માલિકોના અંતિમખંડોના ક્ષેત્રફળની સાપેક્ષ ગણતરી કરતાં અંકે રૂ.૬૪૪/-પ્રતિ. ચો.મી. (અંતિમ ખંડના ક્ષેત્રફળ) સરેરાશ કિંમત આકારતા નગર રચના યોજનામાં થનાર ખર્ચ સરભર થતું હોવાનું જણાય છે. પ્રશ્નવાળી નગર રચના યોજના નં.૨૫ (ટેકનોલોજી પાર્ક) માં હાલમાં અમલી સીજીડીસીઆર મુજબ ૧.૨ બેઝ એફ.એસ.આઇ. તથા ૧.૩ પ્રિમીયમ એફ.એસ.આઇ. મળવાપાત્ર છે. જેથી જો મહત્તમ ૨.૫ ની એફ.એસ.આઇ. મુજબનો બિલ્ટઅપનું આયોજન કરવામાં આવે તો 300 પ્રતિ. ચો.મી. (બિલ્ટઅપના ક્ષેત્રફળ) પ્રમાણે અંદાજે ૭૫૦/- પ્રતિ ચો.મી. (જમીનના ક્ષેત્રફળ) મહત્તમ એમેનીટીઝ ફી ભરવાપાત્ર થાય છે. જે ધ્યાને લઇ જયાં સુધી સદર નગર રચના યોજના નામદાર સરકારશ્રી દ્વારા મંજુર અંતિમ જાહેરે કરવામાં ન આવે ત્યાં સુધી અત્રેની કચેરીએ વિકાસ પરવાનગી/રિવાઇઝ વિકાસ પરવાનગી/ઓક્યુપન્સી સર્ટિફિકેટ મેળવવા અંગે રજુ થતા પ્રકરણોમાં ઉકત મુજબની એટલે કે રૂ.૬૫૦/- પ્રતિ.ચો.મી. (અંતિમ ખંડના ક્ષેત્રફળ) મુજબની નેટ ડિમાન્ડ વસુલ કરવા અથવા રૂ.300/- લેખે (બિલ્ટઅપ) એમીનીટીઝ ફી પૈકી જે વધુ હોય તે રક્મ વસુલ કરવા યોગ્ય જણાય છે. જેની જાણ વુડા બોર્ડ બેઠકમાં મુદ્દા સ્વરૂપે ઉચીત નિર્ણય લેવા સારૂ રજુ રાખીએ.

<u>ઠરાવ ક્રમાંક (૨૭૧૭):</u> ઉપરોક્ત મુદ્દા બાબતે બોર્ડમાં સર્વ સભ્યશ્રીઓ સમક્ષ કરાયેલ વિગતવાર ચર્ચાના અંતે નગર રચના યોજના ના નંબર ૨૫ ટેક્નોલોજી પાર્કના વિકાસ પરવાનગી/રિવાઇઝ વિકાસ પરવાનગી/ઓક્યુપન્સી સર્ટિફિકેટ મેળવવા અંગે રજુ થતા પ્રકરણોમાં ઉકત મુજબની એટલે કે રૂ.૬૫૦/- પ્રતિ.ચો.મી. (અંતિમ ખંડના ક્ષેત્રફળ) મુજબની નેટ ડિમાન્ડ વસુલ કરવા અથવા રૂ.300/- લેખે (બિલ્ટઅપ) એમીનીટીઝ ફી પૈકી જે વધુ હોય તે રક્મ વસુલ કરવા, તથા સદરહું નગર રચના યોજનાના અધિનિયમ ૧૯૭૬ ની જોગવાઈ હેઠળ આખરી થયા બાદ જેતે સમયની નેટ ડિમાન્ડની રકમને ધ્યાને રાખી તફાવત ની રકમ વસૂલવાનું ઠરાવવામાં આવ્યું. વધુમાં સદરહુ ઠરાવની જાણ સરકારશ્રીમાં કરવાનું ઠરાવવામાં આવ્યું.

**મુદ્દા નંબર (૧૧): વુડા વિસ્તારમાં મોજે કરચીયા, પદમલા, સુખલીપુરા, જેસીંગપુરા જુથ ગ્રામ પંચાયત તથા રાભીપુરા જુથ ગ્રામ પંચાયતોને ઘન કચરાના નિકાલ માટે ઈ-રીક્ષા આપવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં ગામની આજુબાજુમાં નોન ટી.પી વિસ્તારમાં રહેણાંક વિકાસ થયેલ છે. આ ગામોની આજુબાજુ થયેલ વિકાસને કારણે વસવાટ વધતા ઉત્પન્ન થતા ઘન-કચરાના નિકાલ માટે ગ્રામ પંચાયતો પાસે પુરતા સાધનો ન હોવાને કારણે આ ઘન-કચરાના નિકાલ માટે ગ્રામ પંચાયતો દ્વારા ઈ-રીક્ષાની માંગણી કરવામાં આવે છે. જેમાં ગ્રામ પંચાયતની માંગણી પરત્વે વુડા બોર્ડની મંજુરી બાદ ઈ-રીક્ષાની ફાળવણી કરવામાં આવે છે. જે મુજબ અત્યાર સુધી ૨૧ ગ્રામ પંચાયતોને ૭૬ ઈ-રીક્ષા ફાળવી આપેલ છે. હવે કરચીયા ગ્રામ પંચાયત ધ્વારા ૦૩ ઈ-રીક્ષા, પદમલા ગ્રામ પંચાયત ધ્વારા ૦૫ ઈ-રીક્ષા, સુખલીપુરા ગ્રામ પંચાયત ધ્વારા ૦૩ ઈ-રીક્ષા, જેસીંગપુરા જુથ ગ્રામ પંચાયત ધ્વારા ૦૫ ઈ-રીક્ષા તથા રાભીપુરા જુથ ગ્રામ પંચાયત ધ્વારા ૦૩ ઈ-રીક્ષા મળી કુલ ૧૯ ઈ-રીક્ષા ફાળવી આપવાની રજુઆત જેતે ગ્રામ પંચાયતો દ્વારા ઠરાવ સાથે વુડાને મળેલ છે. વુડા ધ્વારા ટેન્ડર પ્રક્રિયા કરી ઈ-રીક્ષાના નક્કી કરેલ ભાવો મુજબ ૭૬ ઈ-રીક્ષાની ખરીદી કરી જેતે ગ્રામ પંચાયતોને સોપવામાં આવેલ છે. જે ધ્યાને લઈ ટેન્ડરથી મંજુર થયેલ રૂ.૧,૪૬,૦૦૦/- પ્રતિ ઈ-રીક્ષાના ભાવે કરચીયા, પદમલા, સુખલીપુરા, જેસીંગપુરા જુથ ગ્રામ પંચાયત તથા રાભીપુરા જુથ ગ્રામ પંચાયતોની કુલ ૧૯ ઈ-રીક્ષાની માંગણી પરત્વે ખરીદી કરી મરામત અને નિભાવણી જેતે ગ્રામ પંચાયત ધ્વારા કરવાની શરતે ફાળવણી કરવા તથા તે અંગે થનાર ખર્ચની મંજુરી આપવા અંગેનો મુદ્દો વુડા બોર્ડ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે સાદર રજુ.

**ઠરાવ ક્રમાંક (૨૭૧૮):** વુડા વિસ્તારમાં મોજે કરચીયા, પદમલા, સુખલીપુરા, જેસીંગપુરા જુથ ગ્રામ પંચાયત, રાભીપુરા જુથ ગ્રામ પંચાયત, નંદેસરી, આમલીયારા, રાયકા તથા દુમાડમાં આવેલ ટીપી/નોનટીપી વિસ્તારના રોજબરોજના ઘનકચરાના નિકાલ માટે આ ૦૯ ગ્રામ પંચાયતોની ઈ-રીક્ષાની માંગણી પરત્વે પંચાયત દીઠ ૦૩ ઈ-રીક્ષા મુજબ કુલ ૨૭ ઈ-રીક્ષાની ખરીદી કરવાના ખર્ચને મંજુરી આપવા તથા આ ગ્રામ પંચાયતોને ઈ-રીક્ષાની ફાળવણી કરી મરામત અને જાળવણી ગ્રામપંચાયતો દ્વારા કરવામાં આવે તે અંગે જરૂરી કરાર કરી સોંપણી કરવાની કાર્યવાહીની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યુ.

**મુદ્દા નંબર(૧૨) :બીલ-અટલાદરા રોડ પર 300 MM ડાયાની ડ્રેનેજ લાઈનને બદલે 600MM ડાયાની કરવા વી.એમ.સી. ને રકમ ફાળવવા બાબત.**

ઉકત વિષય અન્વયે જણાવવાનું કે, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની હદમાં આવેલ મોજે બીલ ટી.પી.સ્કીમ નં. ૧ ના વિસ્તારમાં એક નગર રચના યોજનાના અમલીકરણની કામગીરી થવાના કારણે તથા લાગુ નોન ટી.પી. વિસ્તારમાં પણ ઝડપી વિકાસ થવાથી ટેનામેન્ટ ટાઈપ, લો-રાઈઝ, હાઈ-રાઈઝ તેમજ સ્પેશીયલ સ્ટ્રકચર ટાઈપના રહેણાંક/વાણિજય/શૈક્ષણિક બિલ્ડીંગો ખુબજ મોટા પ્રમાણમાં બનેલ છે. આ વિસ્તારમાં ડ્રેનેજની લાઈન ન હોવાને કારણે સ્થાનિક રહીશોને ખુબ મુશ્કેલીઓ પડે છે. જેને કારણે ડેવલોપર્સ દ્વારા ડ્રેનેજ સુવિધા માટે સ્વખર્ચે ડ્રેનેજ લાઈન નાખી અટલાદરા રોડ વિસ્તારમાં ડ્રેનેજનું જોડાણ કરેલ હતુ. પરંતુ ડેવલોપર્સો દ્વારા નાખવામાં આવેલ 300 MM ડાયાની પાઈપમાં પાણીનો ફલો વધુ હોવાને કારણે ડ્રેનેજનું ગંદુ પાણી ચેમ્બર માંથી ઉભરાવવાના પ્રશ્ને વારંવાર ત્યાંના રહિશો તથા ગ્રામ પંચાયત દ્વારા રજુઆત કરેલ હતી. જેમાં ૭૦૦ મીટર લંબાઈની ડ્રેનેજ લાઈનને મોટા ડાયામાં મીટર બદલવામાં આવે તો આ પ્રશ્નનો હલ થાય તેમ હોવાથી. અત્રે થી આ ૭૦૦ મીટરની ડ્રેનેજ લાઈનના પ્રશ્નના નિકાલ માટે કાર્યપાલક ઈજનેરશ્રી, વોર્ડ નંબર-૬ ને તા. ૧૮/૦૭/૨૦૧૯ ના રોજ કામગીરી માટે પત્રથી જણાવેલ હતુ. આ બાબતે માન. ધારાસભ્યશ્રી દ્વારા પણ ડ્રેનેજ ઉભરાવવાની મૌખિક રજુઆત કરવામાં આવેલ હતી. આથી અત્રેથી તા. ૧૦/૦૧/૨૦૨૦ ના રોજ ફરીથી કાર્યપાલક ઈજનેરશ્રી, વોર્ડ નંબર-૬ ને ફરીથી પત્ર પાઠવેલ હતો. પરંતુ તેઓ દ્વારા કોઈ કાર્યવાહી થયેલ ન હતી. પરંતુ હવે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના પરિપત્ર મુજબ તા. ૧૮/૦૬/૨૦૨૦ ના રોજ બીલ ગામ કોર્પોરેશનમાં સમાવિષ્ટ થયાબાદ ડે. કમિશ્નરશ્રી, વડોદરા મહાનગરપાલિકાના તા. ૧૦/૦૮/૨૦૨૦ ના પત્રથી આ કામગીરી માટે 300 MM ડાયાની ડ્રેનેજ લાઈનને બદલે 600MM ડાયાની પાઈપ લાઈન કરવા રૂ. ૬૭,૮૬,૨૦૦/- નો અંદાજ તૈયાર કરી આ રકમ વડોદરા મહાનગરપાલિકાને ફાળવવા જણાવેલ છે. જેથી વડોદરા મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં ભળેલ આ વિસ્તારની આ કામગીરી માટે થનાર ખર્ચની રકમ વડોદરા મહાનગરપાલિકાને ચુકવવી કે કેમ તે અંગેનો મુદ્દો વુડા બોર્ડ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે સાદર રજુ.

<u>ઠરાવ ક્રમાંક (૨૭૧૯):</u> બીલ-અટલાદરા રોડ પર 300 MM ડાયાની ડ્રેનેજ લાઈનને બદલે 600MM ડાયાની ૭૦૦ મીટરની ડ્રેનેજ પાઈપ લાઈન નાખવાની કામગીરી માટે વી.એમ.સી. દ્વારા જણાવેલ અંદાજીત ખર્ચ રૂ. ૬૭,૮૬,૨૦૦/- વડોદરા મહાનગરપાલિકાને આપવા થનાર ખર્ચ અંગે મંજુરી આપવા તથા કામગીરી થાય તે મુજબ તબક્કાવાર ચુકવણુ કરવા અંગે આગળની કાર્યવાહીની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યુ.

**મુદ્દા નંબર(૧૩) : વુડાને નગર રચના યોજનાઓમાં સંપ્રાપ્ત થયેલ પ્લોટોને વાયર ફેન્સીંગ કરાવવા તથા જે પ્લોટોમાં વાયર ફેન્સીંગ કરાવેલ તેનાં મરામતની કામગીરી અને સીક્યુરીટી પ્રોવાઈડ કરવા તથા વાયર ફેન્સીંગની કામગીરી કરાવવા માટેના ખર્ચને મંજુરી આપવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા ટી.પી. સ્કીમોનાં અમલીકરણની કામગીરી તબક્કાવાર હાથ ધરવામાં આવેલ છે. પ્રારંભિક અને આખરી મંજુર થયેલ ટી.પી.સ્કીમોમાં ખાતેદારોને ફાયનલ પ્લોટનાં પઝેશન પણ સોંપી દેવામાં આવેલ છે. જેમાં અલગ-અલગ હેતુના ફાઈનલ પ્લોટો વુડાને સંપ્રાપ્ત થયેલ છે. સદર ટી.પી.સ્કીમોમાં સંપ્રાપ્ત થયેલ પ્લોટો પૈકી વેમાલી ટી.પી.સ્કીમ નં. ૧, બીલ ટી.પી.સ્કીમ નં. ૧, પાદરા ટી.પી.સ્કીમ નં. ૧ અને ૨ માં સંપ્રાપ્ત થયેલ પ્લોટોમાં વુડા બોર્ડ બેઠક નં. ૨૧૫ તા. ૧૩/૦૭/૨૦૧૨ માં ઠરાવ નં. ૨૦૯૯ માં ઠરાવ્યાનુસાર વુડાને મળેલ પ્લોટો ફરતે વાયર ફેન્સીંગની કામગીરી કરાવી, તેમાં વુડાની માલીકીનાં બોર્ડ બનાવી લગાવવા અંગેની કામગીરી કરાવેલ હતી. ત્યારબાદ તે સિવાયની ટી.પી.સ્કીમોમાં ભાયલી, સેવાસી, ખાનપુર, અંકોડિયા અને નિમેઠા મળી કુલ ૦૯ સ્કીમોમાં અમલીકરણ થતા તે સ્કીમોમાં વુડાને સંપ્રાપ્ત થયેલ વિવિધ હેતુના પ્લોટોને વાયર ફેન્સીંગ કરવાની કામગીરી કરાવવા માટે પ્રથમ તબક્કામાં અંદાજો બનાવવા વુડા બોર્ડ બેઠક નં. ૨૩૫ તા.૦૧/૦૨/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક.નં.૨૪૭૮ થી ઠરાવ્યા મુજબ સ્થપતી ડીઝાઈનર્સ એન્ડ કન્સલટન્ટસ પ્રા.લી., નવસારીને પી.એમ.સી. તરીકે નિમણુંક કરી ડી.પી.આર. તૈયાર કરાવવામાં આવેલ હતા. પરંતુ તાજેતરમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા. ૧૮/૦૬/૨૦૨૦ ના પરિપત્ર મુજબ વુડાની હદના ગામો ભાયલી તથા સેવાસી વડોદરા મહાનગરપાલિકામાં સમાવિષ્ટ થવાથી હવે બાકી રહેલ વુડાની નગર રચના યોજનાઓ નિમેઠા ટી.પી.સ્કીમ ૧, પાદરા ટી.પી.સ્કીમ ૧ અને ૨, ખાનપુર-સેવાસી ટી.પી.સ્કીમ ૧, ખાનપુર-અંકોડિયા ટી.પી.સ્કીમ ૨ તથા વી.એમ.સી. વિસ્તારની માંજલપુર ટી.પી.સ્કીમ ૧૯ ના વુડાની માલિકીના એફ.પી. ૨૦૦ અને ૨૦૫ ની જમીનોમાં વાયર ફેન્સીંગ કમ્પાઉન્ડ વોલ, ગેઈટ અને પ્લોટમાં વુડાની માલિકીનું બોર્ડ લગાવવાની કામગીરી માટે પી.એમ.સી. **દ્વારા અંદાજીત રૂ.૬,૩૧,૪૨,૨૧૫/- ના ખર્ચના અંદાજો રજુ કરેલ છે. આથી થનાર ખર્ચ ને મંજુરી આપવા** અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે સાદર રજુ.

**ઠરાવ ક્રમાંક (૨૭૨૦):** વુડાને નગર રચના યોજનાઓમાં સંપ્રાપ્ત થયેલ પ્લોટોની સાચવણી માટે ગ્રીલવાળી બાઉન્ડ્રીવોલ અને ગેટ તથા સાઈન બોર્ડ બનાવવાની કામગીરી કરવા માટે થનાર અંદાજીત ખર્ચ રૂ.૬,૩૧,૪૨,૨૧૫/- મંજુર કરવા તથા તે અંગે કરવાની થતી આગળની ટેન્ડર પ્રક્રિયા સહિતની કાર્યવાહીની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યુ.

સભ્ય સચિવ
વ
મુખ્યકારોબારી અધિકારી
શહેરી વિકાસ સત્તામંડળ
વડોદરા

અધ્યક્ષ
શહેરી વિકાસ સત્તામંડળ
વડોદરા